મુંબઈ સમાચાર
મુંબઈ, મંગળવાર, તા. ૩૧-૧-૨૦૧૨

# રાજકીય સ્થિરતા

ફોકસ

જશવંત બી. મહેતા

**લોકશાહીને** જોખમમાં મૂકતું સૌથી મોટું પરિબળ રાજકીય અસ્થિરતા છે. કોઈ પણ સરકારને પોતાની નીતિ અથવા કાર્યક્રમ અમલમાં મૂકવા પૂરતો સમય જોઈએ. ગમે તેવી શ્રેષ્ઠ નીતિને પણ પરિપક્વ થવા માટે કે એના પરિણામો મેળવવા સમયની જરૂર પડે છે. પોતાના શાસનની મુદત ટૂંકી હોય તો નવી નીતિનો અમલ કરતા કોઈ પણ વહીવટકર્તા અચકાય. ભારત જેવા વિશાળ દેશ માટે દ્રઢ અને સ્થિર સરકાર હોવી એ રાષ્ટ્ર તરીકેના આપણા અસ્તિત્વ અને આર્થિક તથા સામાજિક વિકાસ માટે ખૂબ જ આવશ્યક છે. દેશની સરકાર અસ્થિર કે નબળી હોય ત્યારે વિદેશો પોતાની શરતો લાદવા કે શોષવા કરવા ખૂબ જ ઉત્સુક બને છે. એવા ઘણા ઉદાહરણો જોવા મળશે કે જેમાં લોકોએ જોઈતાં પરિણામ લાવવા અસમર્થ એવી અસ્થિર લોકશાહીના સ્થાને સરમુખત્યારશાહી પસંદ કરી છે. હિટલરને સત્તા કબજે કરવામાં મદદરૂપ થયેલા સંજોગોમાં ત્યારે જર્મનીમાં પ્રવર્તમાન રાજકીય અસ્થિરતા અને અંધાધૂંધીએ મોટો ભાગ ભજવ્યો હતો. હિટલરના ઉદય પહેલા ૧૯૧૯થી ૧૯૩૩ સુધીના ૧૪ વર્ષમાં કોઈ પણ રાજકીય પક્ષ બહુમતી મેળવી શક્યો નહતો અને ૨૦ સરકારની રચના થઈ હતી. સંસદીય લોકશાહીમાં સરકારની સ્થિરતા મોટે ભાગે સંગઠિત અને મજબૂત દ્વિપક્ષીય પદ્ધતિ પર અવલંબે છે. જેથી કોઈ પણ એક પક્ષ બહુમતી ગુમાવે અથવા રાજ્ય ચલાવવામાં નિષ્ફળ નીવડે તો બીજો પક્ષ સરકાર રચી શાસન ચલાવી શકે. જેટલી પક્ષોની સંખ્યા વધારે તેટલી સરકારની અસ્થિરતાના સંજોગો વધારે. આપણે ત્યાં બંધારણ અમલમાં આવ્યા પછી પહેલાં પચીસેક વર્ષ સુધી તો કોંગ્રેસ પક્ષનું સંપૂર્ણ વર્ચસ્વ હોવાથી કેન્દ્ર તથા મોટા ભાગના રાજ્યોમાં એકપક્ષીય કહી શકાય તેવી સ્થિર સરકારનું શાસન હતું. પણ ત્યાર પછી કોંગ્રેસ પક્ષ નબળો પડતો ગયો અને ૧૯૭૭માં કટોકટી પછી થયેલી ચૂંટણી બાદ વિરોધ પક્ષોએ એકત્રિત થઈ જનતા' પક્ષની સ્થાપના થતા તંદુરસ્ત દ્વિપક્ષીય શાસન પદ્ધતિ અમલમાં આવશે એવી લોકોએ સેવેલી આશા ઠગારી નીવડી. ૧૯૭૭માં કેન્દ્ર તથા ઘણા રાજ્યોમાં બહુમતી પ્રાપ્ત કરી સરકાર રચનાર જનતા પક્ષ ટૂંક જ સમયમાં મતભેદો અને સત્તાની સાઠમારીમાં વેરવિખેર થઈ ગયો અને તેનું નામનિશાન સુધ્ધાં નથી. આપણે ત્યાં એક વણથંભ્યો પ્રવાહ ચાલુ જ છે કે જેમાં નવા પક્ષો ઉદ્ભવે છે. કઈક વિકસે ન વિકસે ત્યાં વિલીન થઈ જાય છે. આમાં વિચારસરણીને લગતા મતભેદો કરતાં મોટે ભાગે વ્યક્તિગત મતભેદો અને સત્તાની લાલસા કારણરૂપ હોય છે. અહીં એ જાણવું રસપ્રદ બની રહેશે કે આપણી જેમ જ બ્રિટિશરો પાસેથી સ્વતંત્રતા મેળવનાર અને આપણાથી પણ બ્રિટિશ પદ્ધતિથી વધારે પરિચિત એવા અમેરિકાએ અલગ સ્વરૂપની લોકશાહી એટલે કે પ્રમુખ પદ્ધતિની લોકશાહી શા માટે અપનાવી હતી? એ વિશે આવતા અંકે.

(ક્રમશઃ)■